એક કરતાં વધારે સરકારી અધિકારીઓ/કર્મચારીઓ
સંકળાયેલા હોય એવા કેસોમાં ખાતાકીય તપાસ હાથ
ધરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૦/૨૦૦૨/૧૧૮૧/ત.એ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૮/૨૦૦૪.

વંચાણે લીધો :- સા.વ.વિ.નો તા.૩-૧૦-૨૦૦૨ નો સમાનાંકી પરિપત્ર.

## પરિપત્ર

એક કરતાં વધારે અધિકારીઓ/કર્મચારીઓ સંકળાયેલા હોય તેવા કેસમાં ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૧૩ હેઠળ સંયુકત તપાસની કાર્યવાહી થાય તે માટે અનુસરવાની કાર્યપદ્ધતિ અંગેની સૂચનાઓ ઉપર વંચાણે લીધેલ પરિપત્રથી બહાર પાડવામાં આવેલ છે.

૨. એક જ તપાસના પ્રકરણના જવાબદાર અધિકારીઓ/કર્મચારીઓ પૈકી કેટલાક અધિકારીઓ/કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ લાગુ પડે, જયારે કેટલાક અધિકારીઓ/કર્મચારીઓ સામે શિસ્ત અને અપીલના તેમને લાગુ પડતા અન્ય નિયમોની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવાની રહે છે. આમ જવાબદારો પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ સિવાયના અન્ય નિયમો લાગુ પડતા હોય તેમના કેસમાં શિસ્ત અધિકારી પણ અલગ હોય છે. આમ તેઓ ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૧૩ હેઠળ આવરી લેવાતા ન હોઇ, ઉપર વંચાણે લીધેલ પરિપત્રના અનુસંધાને નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

(૧) સંયુકત તપાસના પ્રકરણોમાં રાજય સેવા સંવર્ગના અધિકારીઓ/કર્મચારીઓ કે જેમને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ લાગુ પડે છે તે બધા અધિકારીઓ/કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસની કાર્યવાહી ઉપર વંચાણે લીધેલ તા.૩-૧૦-૨૦૦૨ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૧૩ ની જોગવાઇ મુજબ એક જ કક્ષાએથી હાથ ધરી આખરી કરવાની રહેશે.

(૨) એક જ પ્રકરણમાં સંકળાયેલ આવા તમામ અધિકારીઓ/કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ એક સાથે જ શરૂ કરીને એક જ તપાસ અધિકારીને એક સાથે તપાસ સોંપીને એક સાથે જ આખરી કરવામાં આવે.

(પાછળ)

(૩) તપાસને અંતે અધિકારીઓ/કર્મચારીઓની સાબિત રહેલ આરોપો અન્વયે નિયત થતી જવાબદારીના પ્રમાણને ધ્યાનમાં લઇને શિક્ષાના નિર્ણયમાં એકસૂત્રતા જળવાઇ રહે તે રીતે નિર્ણય લેવાનો રહેશે.

૩. પ્રકરણના જવાબદારો પૈકી જેઓ ગુજરાત રાજય સેવા સંવર્ગ હેઠળના અધિકારીઓ/કર્મચારીઓ નથી અર્થાત જેમની સામે ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમો અન્વયે નહીં પરંતુ તેમના સંવર્ગને લાગુ પડતા શિસ્તના નિયમો અન્વયે ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરવાની હોય છે તેવા અધિકારીઓ/કર્મચારીઓ પૂરતી તા.૩-૧૦-૨૦૦૨ ના પરિપત્રની સૂચનાઓ લાગુ પડશે નહીં પરંતુ તેમની સામેની ખાતાકીય તપાસની કાર્યવાહીમાં,

(૧) આરોપનામું બજાવતી વખતે સંબંધિત શિસ્ત અધિકારીએ જે તે વહીવટી વિભાગ પાસેથી જે તે જવાબદાર કર્મચારીની કામગીરીની અને જવાબદારીની વિગતો એકત્રિત કરીને કાળજીપૂર્વક આરોપનામું બજાવવાનું રહેશે.

(૨) આવા અધિકારી/કર્મચારીની નિયત થતી જવાબદારીના પ્રમાણને ધ્યાનમાં રાખીને યોગ્ય શિક્ષા કરવાની રહેશે. આવા એક જ સેવા હેઠળના સંવર્ગના અધિકારીઓ/કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસની કાર્યવાહી પણ શકય હોય ત્યાં સુધી એક જ કક્ષાએથી હાથ ધરી એક જ તપાસ અધિકારીને તપાસ સોંપીને એક સાથે જ આખરી કરવાની રહેશે.

(૩) જવાબદારીના પ્રમાણને ધ્યાનમાં લઇને તમામ અધિકારીઓ/કર્મચારીઓને કરવામાં આવતી શિક્ષાના નિર્ણયમાં એકસુત્રતા જળવાય તે જોવાનું રહેશે.

૪. ઉપરોકત સૂચનાઓ પોતાના નિયંત્રણ હેઠળના સર્વે શિસ્ત અધિકારીઓના ધ્યાન પર લાવવા સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કીર્તિદા બ્રહ્મભટ્ટ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
સચિવાલયના સર્વે વિભાગો.
મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સા.વ.વિ.ના મહેકમ વિષયક કામગીરી સંભાળતા સર્વે અધિકારીઓ/શાખાઓ.
શાખા સીલેકટ ફાઇલ.